ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયકની બદલીના નિયમો બાબત

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૮/સીંફા-૨/ક,

સચિવાલય, ગાંધીનગર

તારીખ ૦૯/૦૫/૨૦૧૮

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગનો તા. ૨૩/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬-ક,
૨. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તા. ૨૫/૧૦/૨૦૧૩નો પત્ર ક્રમાંક પ્રાશિનિ/નીતિ/૨૦૧૩/ક/૬૮૫૩-૯૮
૩. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની તા. ૨૩/૦૫/૨૦૧૨ની બદલીની નીતિના ઠરાવમાં સુધારો કરવા માટે તા. ૬/૨/૨૦૧૮ની નોંધથી સીંગલ ફાઇલ પર મળેલ દરખાસ્ત

પ્રસ્તાવના :

શિક્ષણ વિભાગનો તા. ૨૩/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬-ક ના પ્રકરણ - (ખ) વધની બદલીઓના જોગવાઇઓ ક્રમાંક ૬ અને ૭ થી જિલ્લા કક્ષાએ અમલ કરવામાં મુશ્કેલી ઉભી થતી હોવાના કારણે નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરીએ ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રથી વધની બદલીઓ સમયે પ્રકરણ - (ખ) વધની બદલીઓના જોગવાઇઓ ક્રમાંક ૬ અને ૭ પૈકી નિયમ ૬ની જોગવાઇ મુજબ વધની બદલી કરવા અને ક્રમ-૭ની જોગવાઇને ધ્યાને લેવાની રહેશે નહીં તેમ જણાવેલ હતું. વર્ષ ૨૦૧૩થી અત્યાર સુધી વધની બદલીઓ તે જ ધોરણે કરવામાં આવેલ છે, પરંતુ ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨)ના પત્રને કારણે અનેક કોર્ટ કેસ થયેલ હતા. તે અન્વયે નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરીની તારીખ ૦૬/૦૨/૨૦૧૮ની નોંધથી સીંગલ ફાઇલ પર તા. ૨૩/૦૫/૨૦૧૨ની બદલીની નીતિના ઠરાવમાં સુધારો કરવા માટે દરખાસ્ત મળેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

(પૃષ્ઠ ૨ ઉપર ચાલુ)

સુધારા ઠરાવઃ

આ વિભાગના વંચાણે લીધેલ (૧)માં દર્શાવેલ તા. ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬-કમાં પ્રકરણ- (ખ) વધની બદલીઓના જોગવાઇઓ ક્રમાંકઃ ૬ અને ૭ અંગે વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) ઉપરની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી તરફથી તા. ૨૩/૦૫/૨૦૧૨ના બદલીની નીતિના ઠરાવમાં સુધારવા માટે તા. ૬/૨/૨૦૧૮ની નોંધથી સીંગલ ફાઇલ પર મળેલ દરખાસ્ત પર પુખ્ત વિચારણાને અંતે હવે પછી વધની બદલીઓ અંગે તા. ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬-કમાં પ્રકરણ- (ખ) વધની બદલીઓની કાર્યવાહી જોગવાઇ નિયમ-૬ મુજબ કાર્યવાહી કરવાની રહેશે અને નિયમ - ૭ની જોગવાઇ આથી રદ કરવામાં આવે છે. પ્રકરણ- (ખ) વધની બદલીઓની જોગવાઇઓ પૈકી નિયમ-૭ની જોગવાઇ ધ્યાને લેવાની રહેશે નહીં. આ સુધારા ઠરાવ તારીખ ૨૫/૧૦/૨૦૧૩થી લાગુ થયેલ ગણાશે.

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૦૩/૦૫/૨૦૧૮ની સરકારશ્રીની મળેલ મંજુરી અનુસાર બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ડી. મકવાણા)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિઃ

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(પૃષ્ઠ ૩ ઉપર ચાલુ)

- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.)

- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ

} નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત

- સિલેકટ ફાઇલ